બનામે જહાંદાર બંચ્યા.ફરી

ધી પરશીયન એમેચ્યુઅર કલબના નાટક

ઝાલેમ ખબીસ.

નો ગાયણો

નાટક લખનાર—“મશરેક”

ગાયણો લખનાર “ભારત”

આવૃત્તી પહેલી—નકલ ૨૦૦૦

છપાવી પ્રસીધ્ધ કરનાર

ધી પરશીયન એમેચ્યુઅર કલબના માલેક


મી. મેહેરવાન બી. ઇરાની.

રીદવી પ્રેસ બહારકોટ-મુંબઇ.

અકટોબર ૧૯૧૦

કીંમત બે આના.

એન. ડી. પટેલની કું૦



સાઇકલ તથા તેને લગતો દરએક સામાન
જથાબંધ તથા છુટક વેચનારા
તથા દુરૂસ્ત કરનારા

૨૯૩, પ્રીનસૈસ સ્ત્રીટ

મુંબઇ.

' મશરેક'નો ખઆસ.

અઝીઝ વાંચનાર,

મારા આએ નાટક વાસ્તે એક લફ્ઝબી બોલ્યા અગાઉ હું મારી જબાનપર તે હફ્તે કેશવર ઝમીનના પેદા કરનાર પાક ખુદાનું ના લેઉં છું અને તે પછી થોડુંજ બોલીને તમારી રજા ઇચ્છીશ.

'ઝાલેમ ખબીસ' એ મારો પહેલ વહેલો નાટક છે અને એ બેશક મારી લખાણો કરવાના પાક પરવરે આપેલી શકતીને આભારી છે. એ નાટક મેં કોઇબી આદમીના મદદ વગર લખ્યો છે અને એને આજકાલના ટેરાને અનુસરતો બનાવવા મે સારી ઝહેમત લીધી છે. આજના નાટકે તો તમને ખબર છે, તે એવા હોવા જોઇએ કે ઇંગ્રેજીમાં *Satyr* એટલે અરધો માણસ ને અરધો બકરો કહે છે તેવા, ઑથરને ઑડીયંસને પૅલો થવા માટે એક પાવર ફુલ ત્રેજીડી સાથેજ એક પાવર ફુલ કોમીડીનું હોય પોશ કરીને મેં ઉપર કહયું તેમ અરધા ટાઈમમાં તેને માણસના બેસ્સામાં બતાવવો છે તો અરધા વખતમાં તેને એક ડાઢીવાળો રમુજી બકરો ઓતારવો છે. એમજ છે, આજકાલ ઑડીયંસ એક *Satyr* માંગે છે ને તે વાસ્તે મેં બી એ મારા 'ઝાલેમ ખબીસ'માં એક પાવરફુલ ત્રેજીડીની લગોલગ એક સારી જેવી કોમીડી રન થવા દીધેલી છે અને તે માટે બેશક મારી કલમે મારો ઉપકાર માનવા કરતાં તમો તમાશબીનોનો ઉપકાર માનવાનો છે.

મારા "ઝાલેમ ખબીસ"ની ત્રેજીદીનો પ્લોટ એક ઇંગલીશ વાર્તાનું માત્ર ખોખું છે જેને ઇરાન ને તુરાંનના કીયાની વલાંપર લઈ જતાં મેં અતીષ્ય ઝહેમતે મારા ભેંજાના શકતીનો તેને પોષાક પહેરાવી તેમાં આસમાન ઝમીનનો ફેરફાર કરી મેં તૈયાર કીધો છે જ્યારે ામીડીના વલાં માટે હું મી૰ મેરવાન બી૰ ઇરાનીનો ઉપકારી છું. '૦ મેરવાને પોતાના એક પ્લોટનું સજેશન આપતાં મેં તે પ્લોટને ાગી રહી તમામ મોટા ફેરફારો સાથે એક અચ્છુ કોમીક નવા સમાં રચી દીધું છે.

"ઝાલેમ ખબીસ"ના ગાયણો મેં માગ જાની મીત્ર "હયરત' તે મી૦ પેશોતન પીરોશાહ કાપડીયાને સોંફ્યા હતા અને મને કહેવાને ખુશાલી ઉપજે છે કે મારા રફીક હયરતે મને ગાયણોની બાબદમાં જે મદદ આપી છે તે માટે હું તેમનો મોટો ઉપકાર માનું છું.

વળી આ "ઝાલેમ ખબીસ"ના ખેલને દીપાવવા ખાતર ધી પરશીયન એમેચ્યુઅર કલબના માલેક મી૦ મેરવાને જરીન લેબાશો પોતાના મોટા ખરચે બનાવ્યા છે અને એક કલબચાળા થઇને આટલી મોટી હીમત બતાવવા માટે બેશક મી૦ મેરવાન બી૦ ઇરાનીને મોટી શાબાસી ઘટે છે.

છેવટે, મારા "ઝાલેમ ખબીસ" ને લખી શકવા જેવી શકતી બક્ષનાર તે રહેમાનો રહીમનો હું હજારો હજાર શુક્ર ગુઝાર બનુંછુ અને એ મારા ખેલને સ્ટેજપર લાવનાર ધી પરશીયન એમેચ્યુઅર કલબનાં બાયકીવાલા માલેક મી૦ મેરવાનનો અને એમની કલબના દરેક બીરાદરો જેઓએ મારા "ખબીસ"માં ભાગ લીધો છે તેમનો મોટો ઉપકાર માનું છું, વલી એ મારા ખેલમાના ગાયણો વજાડનાર મી૦ ફીરોઝ બી. ભરૂચા તે ધી પરશીયન એમેચ્યુઅર કલબના હારમોનીયમ વગાડનાર ભાઇનોબી ઉપકાર માંનું છું.

"મશરેક"

અંદેરી–મરઝબાનાબાદ
તા૦ ૧૭ મી સપટેમ્બર ૧૯૧૭.



નાટક પાત્રો

ત્રેજડી.

કાઉસ—ઇરાનનો બુઝરગ શાહ—શેરદેલ ને નેક

ગુદર્ઝ—ઇરાનનો બહાદુર શાહજાદો—સીંહ બેકીન વહેમી.

નૌરોજ—શીરાઝની ફૌજનો સરદાર—હવસી ને નીમકહરામ.

નઉઝર—તબરીજની ફૌજનો સરદાર—ભલો ને નીમક હલાલ.

તુર—તુરાનનો મગરૂર જાહેલ શાહ—ઝાલેમ બખીલ

મેહેરંગીઝ—ઇરાનની દેલાવર શાહજાદી—દ.મનનો એક ફીરેસ્તો.

પરીચેહેર—શાહજાદા ગુદર્ઝની મહોરદાર—વફાદાર ને નીર્દોષ

કોમીડી

માહીયાર—સરદાર નૌઝરનો તવંગર કાકો—મનહુસ.

સીકનદર—માહીયારનો ગુંચવઇ ગેયલો જમઇ—સાદો માદો.

સફરખાન—માહીયારનો ઠાપ ખાઈ ગેયલો નોકર—એબાકી મેસખી.

છછુંદર—માહીયારના ઘેરનો ચકડોલ નોકર—શાયરીનો "ખાન"

અરનવાઝ—માહીયાર મનહુસની બેટી—ભોલી બાલી

દેલઆરામ—માહીયાર મખ્ખીચુસની નોકરડી—ચાલાક

લુટારૂઓ, સીપાઇઓ, સીપાહો.

સ્થળ—ઇરાન ને તુરાન

બનામે ખુદા,

ધી પરશીયન એમેચ્યુઅર કલબ

ધોબીતળાવ, મુંબઇ.

આ કલબ એક ખાત્રી ભરેલી આબરૂદાર કલબ છે જ્યાં કશીબી ફી લીધા વગર આબરૂદાર એમેચ્યુઅરોને સ્ટેજપર પોતાનો શોખ પુરો કરવાની એક ઉમદા જોગવાઇ કરી આપે છે. એ કલબમાં કલબના પોતાના સાગ સારા લેખકોના નાટકોના ચાલુ રીહીયરસલો કરવામાં આવે છે જેનાથી એક એમેચ્યુઅર બાહોશ સ્ટેજની અનેક બ્યુટીઓને જોઇ શકવા જેવા શક્તીવાન થાય છે અને પોતાના ખામી ખુબી સમજી શકે છે. જે માબાપોને એવો ખ્યાલ હોય કે નાટકના ભજવનારાઓ સારી ચાલચલણના નથી હોતા તેમની મોટી ભુલ છે, તેઓએ જાણવું સમજવાર છે કે નાટક હંમેશા એક ભલાઇનો ભલો ફેજ ને બુરાઇનો બુરો ફેજ બતાવનારા શીખામણથી ભરેલી એક આરસી છે અને તેના ભજવનારાઓ પોતની છાતી ધારી થવાથી દુન્યામાં હીમત સાથે ઘણુંક ઉડાં કામો કરી જાય છે. યાદ રાખજો કે શેકસપીયર આગલાં ઝમાનાનો એક ઉમદામાં ઉમદા હીમતવાળો માણસ હતો જે નાટક લખનારાઓનો ગુરૂ અને સ્ટેજની એક પાવર ફુલ બ્યુટી સમાન હતો. અને હાલના ઝમાનનો મરહુમ હેનરી અરવીંગબી એક તમામ સદગુણોનો ભંડાર ને ઉત્તમ ગ્રહસ્થ હતો. અમારી કલબમાં આવનારા બધાં ભાઇઓ આબરૂદાર માબાપના આબરૂદાર બેટાઓ છે અને જે માબાપો પોતાના બેટાઓને એક ધારી છાતીવાળા, હીમતથી બોલનારા અને છટાદાર ભાશન કરતાઓ તરીકે જોવા માંગતા હોય તેમને અમારી કલબ એક ઉત્તમ સાધણ છે.

મેરવાન બી. ઇરાની

ધી પરશીયન એમેચ્યુઅર કલબના માલેક.

ફોર્ટ એંડ પ્રોપ્રાયટરી સ્કુલનું મકાન,

ધોબીતળાવ, મુંબઇ.

બનામે ખૂદા.

ઝાલેમ ખબીસ.

લખનાર-મશરેક

ગાયણો જોડનાર-હયરત

એકટ પહેલો

૧

સર્વ સાથે—

ઓ નેકી! ઓ નેકી! અંતે જીત ત્હારી—
ઓ બદી! ઓ બદી! પામે તું જગનો ધીટકાર!
ઓ કરીમ ઓ રહીમ નેકી બદી જાણનાર-દાદાર
નેકી જો સાફ નેક ઇનસાફ પહેરાવે નેકીના હાર
કયામત દરબાર, તોલાશે કાર, દેખાશે નેકીનો ભાર
બદીના કાર લ્યાનતી માર આયંદા દોજખી હાર.

(કોરસ)

નેકી! નેકી! આલમની નેક પનાહ!
હો કબીર યા અમીર ફકીર હો યા શાહ.
પામે નેકીનું દામ હયરતી નેક અંજામ
ખુદાવંદા! તું છે સદા બદકારોને તોડનાર.

નવા.
શીખનાર.
અને
શોખીનોને.

હારમોનીયમ ને દીલરૂબા

ઉપર
તયુશન આપનાર.
ફીરોઝ ધી લરૂબા
મીનાખીગ બીલ્ડિંગ
તરાંમ તરમોનમ
ગ્રાંટરોડ.

વખતસર ઉપાય.

મગજ અને જ્ઞાનતંતુની નબળાઇ માટે બીકશન ટોનીક પીલ્સ ઘણીજ સુગમ ભરેલી છે વકીલો, માસ્તરો, અભ્યાસ કરતા વીદ્યાર થીઓ અને રાતદીવસ મગજ કસનારા માટે એક રામબાણ ઇલાજ છે. આ બીકસન ટોનીક પીલ્સ દરેક ગરમીના દરદો દુર કરી મગજને પુષ્ટી આપી શરીરને નીરોગી અને બળવાન બનાવે છે, એટલુંજ નહી પણ ખાધેલું ન પચવું, ભુખ ન લાગવી, દરેક કામમાં સુસ્તી. નબળાઇ, યાદદાસ્તનું કમી થવું અને એવા બીજા શરીરના દરેક રોગોને તુરત હઠાવી નબળાં થયલાં શરીરને પુરતી રીતે શકતી આપી લાલ ગુલાબી ચેહેરો બનાવે છે. કીમત રૂ. ૧. બીજા નંબરની ડાબીઆના પીલ્સ રૂા. ૧।.

દરાજ, ગજકરણ, ખુજલી અને કીડ માટે બીકશનનો રીંગવર્મ ઓઇન્ટમેંટ એક વખત જરૂર વાપરજો. બીજી દવાની માફક એનાથી દરાજ ફરી ઉભરાતી કે ફેલાતી નથી. બળતરા થતી નથી પણ ઠંડક સાથે ખુશબો આપે છે. કીમત આના ચાર. બીકશન મોશન કીડ ખરપસાં માટે, કીમત આના ચાર.

શા. હીરાચંદ ભીમજી, ગનબાવા સ્ટ્રીટ, કોટ. મુંબઇ

૨

નવરોઝ—

હુજ્જત છોડ મુર્ખ નાર, દીલનું ઝટ ખોલ દાર
ભાન ભુલેલી માન હઠીલી જાન જશે પલમાંહીરે
ધ્યાન ધરી લે ઝટપટ ઘેલા ધીકકારે ખયર ખ્વાહ દીલદાર
વાગી દીલમાં પ્રેમ કટારી, લોહીં જીગરમાં જારીરે
આગ કીનાની ઉઠે ભારી, કરેછે ખુદને ફોકટ ખ્વાર
નાગ જગાડી ઠોકર મારી કોણ રહે નહીં હારીરે
ઝેરી સરપના વેરી બનવું, સહમજ સહમજ નાદાન વીચાર.

૩

મેહરંગીઝ—

(દોહરા)

આપ્યું છે નર નારને, ખુદાએ સરખું જોર
સરજાઈ નારી નથી, બનવાને કમજોર
હામ ધરે તેજ નામ છે નારી, કામ રૂડાં કરનાર
સુખે ન સેખી દુઃખે સંતોષી, સદગુણી સ્ત્રીનો સણગાર

નઉઝર—

મધુરી દીલબર પ્યારી, ચતુરી દુઃખ હરનારી, રસીલી ભલાઈનો ભંડાર
નાર મલે જેને ત્હારાજ જેવી છે તેનો બેડો પાર   હામ ધરે

મેહરંગીઝ:—

(દોહરા)

સરજી નારીને રબે, ગુણીયલ બનવા કાજ
હયરત! રૂડી નારતો, છે સૃષ્ટીનું તાજ– હામ ધરે.

કાંગા કંપનીનો

માલેકના વેલાતની સફરથી મેલવેલા અનુભવ તલેનો

જગજાહેર એરેટેડ વોટર

જે

આજની શોખીન પ્રજામાં તવંગરથી ગરીબ સુધીના

મોંઢામાં એક જાતનું

લેહેજતદાર પીણું

થઇ પડયું છે

તે વાપરવાનાં તમને ખાસ ભલામણ

કરવામાં આવે છે

કાંગા કંપની,

કોટ ફોરબસ સ્ત્રીટ, તથા

ગ્રાંટરોડ કાંગા બીલડીંગ.

૪

માહીયાર;—

હાય ! હાય ! કેમરે ખમાય, કોઇ બતાવો ઉપાય,
યારો ગજવા વીના નહીં જીવાય.
કીસમત ફુટયુ, ખુટયું ફુટયું. ગજવું લુટયું, સુખ છુટયું
કૌડી એક દાન દેતા જીગરથી તવાય.
પૈસો મ્હારો, દેવ પ્યારો, પૈસો જીગરમાં પુંજાય, માનજો
જરની બલીહારી, સરદારી, દીલદારી, બસપાઇ એક ખ્હોટા જીવ જાય.
યારો આવરદા ટુંકા ઝટ થાય.

૫

ગુલ્ઝે—

કરૂં ગુનાહની તોબાહ હું ઘેલો મન મેલો
જગમાં જીવવું રાસ્ત નહીં !
વફાઇપર જફાકારી બેવફાઇ ગુનાહગારી
હુરી મારી હું કસાઇ–તોબાહ

મેહેરંગીઝ—ધીર ભાઇ.
ગુલ્ઝે—હાથો પાપી કેમ ન ટુટા.
મેહેરંગીઝ—કીસમતના લેખ છુટા
ગુલ્ઝે—મરવું બહેતર જુઠઠું જીવતર.
મેહેરંગીઝ—ભાઇ ધીર ધર યાદ પરવર

દોહરા.

(અંધ બની આદમ અતી, કરે છે પહેલા પાપ
હયરત અંતે તે લીયે પુરો પશ્ચાતાપ !)—હાથો.

એકજ બાબદ ધ્યાનમાં રાખજો.

કામદીનની કંપની પોતાને ત્યાં જે જે માલ રાખે છે તે સઘળો **તકલીદો પીશટે પીશટાં** ઉડી જાય એવો નહી, પણ **મજબુત અને** વાપરનારાઓ માટે **ધરખમજ** રાખે છે. અમોએ અમારા કાપડના **ભાવ સઘળાઓ** માટે હમેશાં **સોંઘા** અને **એકજ** રાખ્યા છે, કે જે કોઇપણ દુકાનદારો કરતાં મોંઘા નથી. અને તેથી છેતરાઈ જવાની મુદ્દલ ધાસ્તી રહેતી નથી.

વળી અમારૂં સીલાઇખાતું એક અવાજે જગ જાહેર થઇ ચુકયુ છે જે તમો મહેરબાનોની એકજ વખત મુલાકાત લીધાથી પુરેપુરી ખાતરી થશે.

કામદીનની કંપની

કાપડના વેપારી,

મુસ બીલડીંગ. ગ્રાંટરોડ.

૬

મેહેરંગીઝ—

વ્હેમ બુરો છે માનવી—કેમ કરે એ ભુલ.
વ્હાલાંઓના સુખમાં, વ્હેમ વસાવે ધુલ
વ્હેમ ભુંડો કાચ્ચા કાનોની નીશાની
અંતે અંજામ છે ધુલ ધાણી વ્હેમ
અંધ બની મન મુરખું સહમજે સબલાને સહુ નબલું
રૂડું થોડું હોએ તે પણ કહેશે ભુંડું સઘલું
નાદાની, બેધ્યાની હયરાની અજ્ઞાની વ્હેમ
પ્રીત કરી બદ વ્હેમ સંગ, પસતાઇ જગ કુલ
હયરત કહે છે ચેતજો, વ્હેમ દુખોનુ મુલ વ્હેમ

ડ્રોપ

એકટ બીજો.

૭

લુટારૂઓ—

પીઓ પીઓ ગુલાબી શરાબ
દારૂ પીવો છે ઉત્તમ સવાબ
પીઉં કીયાની અરગવાની લાલ પાણીરે
પીએ અન્નાડી મીઠી તાડી કડવી ચહરાઉ દે ખાબ (વાહુવાહ)
કુવા ખોદાવો, દારૂ નંખાવો પીઠાં ઘેર ઘેર ખોલાવો
દારૂ તો જગનું આબે હૈયાત છે પલમાં બનાવે નવાબ (વાહુવાહ)

પડી નટરમાં લટર પટરમાં ધુંડો જવાનીરે

સરમાં ખુમારી જોઇને ભારી નમશે સહુ કહી બાહ્સાબ

(વાહવાહ)

સાખી

દારૂ દરદોની દવા વલી ક્યારી શરબત

તાસીર જેની દીલને ખુશ કરે હયરત

૮

નઉજર—પાવો પાવો પીયાલો પ્રેમીને મીઠી મ્હોબતનો

મેહેરંગીજ—આવો આવો રસીલા પીઓ પીયાલો ઉલફતનો

મેહેરંગીઝ—મહોબત જો પાક પુરી હોરમત ન થાએ બુરી
સાચ્ચી ધરો દીલદારી

નઉજર—મલે જો નાર ભલી! ખીલે જીગર કલી પુરા એ પ્યારની
બલીહારી

મેહેરંગીઝ—પ્રાણ પ્યારા દીલ તારા.

નઉઝર:—પ્રેમ રૂડો દીપાવે જાય બહુ હશમતનો—પાવો.

૯

સફરચન:—પ્યારી મ્હારી દીલમાં આગ ઉઠી છે પ્યારની રે.

દેલઆરામ—રહેવાસી છું પ્યારા ઘેલી હું દીલદારનીરે

સફરચન—મીઠી સુરત જોઇ ત્હારી

દેલઆરામ—વાગી કાલેજે કટારી

સફરચન—લાગી ચટપટ દીલમાં ભારો

દેલઆરામ—મહોબત વહે છે દીલમાં જારી

સફરચન—મન હરખાએ

બાગ ને બગીચા.

ક્રાફર્ડ મારકીટનું અમારૂં જુનામાં જુનું આ ખાતું છે જ્યાં ખાત્રી ભરેલા તમામ જાતના ફુલ અને ફળના કલમી ઝાડો મળી શકે છે. અમારૂં જુનું નામ—કામ તેજ અમારી જામીનગીરી છે અને અમારા સર્વે ઘરાકો સદા અમારાપર ભરોસો મુકીને ખુશીથી દઝનબંધ ઝાડો લઇ જાય છે.

બાગવાળાઓ.

બાગબગીચાવાળાઓને ચીકુ, જાત જાતના આંબા, પપેનાશ, પેર, સીતાફલ, રામફળ, માલુંગા, સંતરા, મોસંબી, લીંબુ, સફરચન, લવંગ, એલચી, જાયફલ, તજ, અખરોટ, જાતજાતના ગુલાબ, મોઘરા, મેગનોલીયા, ચમેલી, કેવડા, જાઇ, જુઇ, સેવતી, જીરેનીયમ, જીનીયા, ડેલીયા, બાલસમ વીગેરે વીગેરેનાં ઝાડો નંગ દીઠ, દઝન દીઠ ને સેંકડોને હીસાબે આપીશું અને તમામ જાતની (ક્રીપર્સ) ફુલની વેલો મળી સકશે.

ઘરવાળાઓ

ઘેરનો અગાસીપર મુકવા માટેના શોભાયમાન ઝાડો ફર્ન, પામ અને ફુલના તથા આલમાન્ડા ગ્રાંડફી ફ્લોરા, ડયુરેનટા, આઇસક્રીમ વીગેરેની વેલો સારા મોટા કુંડામા આપીસું ને ઘેરનો ને અગાસીનો શણુગાર થઇ પડશે.

ભાડેથી

નાટક, મેળાવડા, તમાશા, રમત ગમત, પારટી અને લગનસર વખતે સંખ્યાબંધ યુરોપીયને, પારસીઓ, મુસલમાનો અને હીંદુઓ અમારે ત્યાંથી મોટા માટા રૈનકદાર ઝાડના કુંડાઓ ભાડેથી લઇ જાય છે. પામ, ક્રોતન, બાટલીપામ, દરેસીના, સરોવર વીગેરેના મોટા ઝાડો અમો એક નાઇટ યા ચાલુ મુદત માટે કીફાયતે ભાડેથી આપીસું. આજે સાલમાં પ્રખ્યાત ઇંગ્રેજી નાટક ધી બેન્ડમેન ઓપેરા કંપનીએ પોતાના સ્ટેજની બ્યુટી કરવા વાસ્તે અમારે ત્યાંથીજ ભાડેથી કુંડાઓ લીધાં હતાં.

એસ૦ શાહેરિયાર.

ક્રાફરડ મારકીટમાંનો ઝાડ પાન વેચવાનો બગીચો. મુંબઈ

દેલઆરામ—પ્રીત પરખાએ

સફરચન—દીલ લોભાએ

દેલઆરામ—ચેલું થાએ

દેલઆરામ—પ્યારા ખીલ્યે છે મ્હેબત ગુલજાર

અન્ય સફરચન ભાઇ રસદાર

સફરચન—નામ ત્હારૂ કહેવાશે સફરચની દીલદાર

સેવક બોલશે ઠરસામાં લાવ એક ચુમી યાર

દેલઆરામ—એમ !

સફરચન—એમ નહીં તો કેમ !)

૧૭

સીકનદર—

સાદો છે સેવકનો દેદાર ને દમામ

સાદઇપર મોહીત છે કંજુસો તમામ.

કંજુસને ભપકો છે બીલકુલ બેદામ

ફુલજુસ મારીસ સસરાજીને કરવી છે સલામ.

(કોરસ)

બનું અતી ખુશાલ ફલી છે નેક ફાલ.

મજા છે આજ કાલ સુખી સેવકનો હાલ

જીગરથી ઝોલા ખાય દીગર દુઃખો દુર થાય.

બંદાથી બસ પલમાં બનશે જમાઇરાય

કીસમત ! ઓ કીસમત ! છે બલીહારી ત્હારી।

આશકને માસુકની દીલ દારી ત્હારી

દીધી છે આજે તેં બહુ યારી ત્હારી।
મહોબતના નૌબતમાં દેજે દસ્તયારો.

૧૧

નોઝર—

ફળે નહીં આસ મન જે ચ્હાય
ઓજારો લો હજારો કાપવા કીસમતની રેખા
રંજ ફોકટ જાય.

મનની કીસ્તી, આસ દર્યે, પાર તરવાને પડી
દુ:ખ તોફાન ઝટ અચાનક જાગ્યું હોડીબી ડુબાય
ઓજારો

ઓ સીતારો ભેદ તહારો કોણ જાણે સાચથી.
હો વફાઇ દીલ સમાઇ બેવફાઇ પલમાં થાય.
ઓજારો.

દુખ વીનાનું સુખ શાનું સરજત કાજે શું ઉપાય
રાસ્ત હયરત લેખ કીસમતના કદીબી નહીં ફીટાય
ઓજારો.

૧૨

નવરોઝ—

સીતારો બુલંદ આજ થયો ઉડાવ બસ મજા.
બરગસ્તે થઇ છે વ્હા હવે શાહ કાઉસની કજા.
નાચું મઝે ખુશાલ હવે બેઠી છે તાલ ઉહાવવા ધજા.
જીગરથી કહે છે જોરથી કર મજા મજા

હાં—વસી છે દીલમાં શાદી, મહેનત નહીં બરબાદ
પામો અવલો પડયો સવરો થાઉં શાદશાદ
હાં—ફક્કર જાલ બીજાત પમું મન મુરાદ
હયરત છે નસીબ પ । ત્હારી કરવાને આબાદ

૧૩

ગુઝ્ઝં—

સીતારો તમારો સદા ઉંચ ન માનો
હશે આજ ચહડતો પડી તે જવાનો
મલે આજ શાહી તો કાલે ગદાઈ
ઊલટ ને સુલટનો ફરે છે જમાનો
ખીલી ગુલ મીસાલે છે આખેર ખરવું
ટકે નહીં સદા રંગ રૂપ સત્ય જાણો
કહે રાસ્ત હયરત જમાનાના લોકો
જમાનો પણ આખેર છે છોડવાનો

ડ્રોપ

૧૪

નવરે.ઝ—

પસતાશો સજજનો પાપો કરો નહીં કોય
પાપ વીનાનું મન રોગ વીનાનું તન
જીવ વીના જીવણ ગુણ વીના બદન
પાપી નહીં કાંઇ જોય   પાપ.

(દોહરા)

પાપ છુપાવા પાપીઓ રચે હજાર ઉપાય
ઘડો ભરાતાં પાપનો, મેલે ફુટી જાય

પાપ સદા સુખ કાપશે, રાખો એજ નજર
હયરત કહે છે જાણુજો પાપ છે દુઃખનું ઘર
પાપીના કરમો ભુંડાં પાપીને લાગે રૂડાં
પાપી અંતે રોય પાપ

૧૫

સરવ—આવો ખુશીથી ગાવો આનંદ થાવો જીવને બહેલાવોરે
માહીયાર—ગજવું પકડી ઉભો છું રે
સીકનદર—મધુરી ઓ મ્હારી
સફરચન—દેલઆરામ પ્યારી
માહીયાર—ફુલ્લુસની બલીહારી છું જરપર નીસાર

વાહવાહ.

સીકનદર—રચેલા ઘોટાળા
સફરચન—થયા છે ઉજ્વાલા
દેલઆરામ—હતા કેવા કાલા
માહીયાર—પૈસા વીન નીરાલા
નમરનવાઝ—અંત સારો તો દહારો નઠારો ન છે
માહીયાર—ફુલ્લુસ મારીસ વીના કંઇ ચારોબી છે.
સીકનદર ને સફરચન—ઘરમી થાવો.
માહીયાર—જાવો જાવો ફુલ્લુસને હેતે વધાવોરે.

આનંદ.

ગાયણુ ૧૬ મું

સરવે સાથે—જુઓ જમાનો છે એક માનો નેકી બદીનો ખેલરે,
ભાગ ભજવે છે જીવ હજારો કોઇ નેકીનો કોઈ બદીનો
કોઈ બુંડાઈ કોઇ ભલાઇ મનમાં ભરે નહી મેલરે.
ખોટાં ખાલી પાપી ખાઇ હાથ ધરે છે બદી બુંડાઈ
કયામતને દીન પુર પસતાઇ સેહસે સજા નહીં રહેલરે
કરો જેવું કામ ધરો તેવું દામ ડરો બદી નામ
પીઓ નેકી જામ પામો જીનત ઠામ ખરો છે આરામ
કુદરત ચાહે નેકીમાં યાએ નહીં બદીનો ભેલરે.



જાહેર ખબર

સંસારના સુકાનીઓ!

ઝાડ પાનના શોખીનો, દારૂ તાડીના ધંધાદારીઓ અને સરકા—અચારના વેપારીઓ! તમો સઘળા માટે એક ઉપયોગી સાધન અમો પુરૂં પાડયે છીયે.

તમારો દારૂ અને સરકો, તમારૂ પાણી અને અચાર, તમારી તાડી અને ચટણી, તમારા ચોખા અને ચણા,

એ સરવે સારી રીતે ભરી રાખવા માટે તમારી પેઢી દર પેઢી વાપરે એવાં.

શાગલી લાકડાંના પીપ

તમ કારીગિરી અને મજબુત બનાવટનાં અમારે તર્યાં બને છે.

બાગ—બગીચામાં ઝાડ પાન ઉગાડવા માટે જોઇતાં ટબ, તમારા બગીચાને "અપ-ટુ-ડેટ" બનાવે છે.

"બાથ-ટબ"-એક "સ્પેશીયાલિટી"

૧ થી૧૦૦૦ રૂપિયા સુધીના, માગો તે ભાવના ટબ અથવા પીપ ટુંક મુદતમાં બનાવી આપનારાઓનું નીચલું ઠેકાણું તમારી ડાયરીમાં નોધી રાખશોજી.

રૂસતમજી માણેકજી કુપર એન્ડ સન્સ.

૨૧૫, ગુલાલવાડી.

મુંબઇ—૪.

તમારાં વહાલાં ભૂલકાંઓની

સખીઓ માટે

મોટા ફેમીલી તથા
ઓફીસ ગ્રુપો માટે

એસ. હોરમસજી
ફોટોગ્રાફર.

જે સાથે જોડાએલી છે

ધી બોમ્બે ફોટોગ્રાફીક કું૦

ત્યાં જાઓ

એલીફન્ટ બીલડીંગ

કાલબાદેવી

અમારા સ્ટુડીયોમાંથી બહાર પડેલા બ્રોમાઇડ એન્લારજમેન્ટો દીવાનખાનાના શણગાર સમાન છે.

પારસી બાનુઓને

બરની

રેશમી સાડીઓનો

એક ગંજાવર

નવો જથ્થો તૈયાર છે

ભાવ કીફાયત,

માલ ધરખમ

એક વારની ખાત્રી

આમદ હ૦ ઇસાઅલ્લી

એમપાયર બીલડીંગ

હારનબી રૈ[illegible]

કોટ, મુ[illegible]